## સંક્ષિપ્ત સમાચાર

### કોસંબાની નવસર્જન શાળામાં ૩૪મો વાર્ષિક મહોત્સવ ઉજવાયો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: તાજેતરમાં ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ કોસંબા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નવસર્જન શાળાનો ૩૪મો વાર્ષિક મહોત્સવ અને ઇનામ વિતરણ સમારંભ ધારાસભ્યગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં કામરેજ સુગરના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ અને કોસંબા એપીએમસીના ચેરમેન સુરેન્દ્રસિંહ ખેર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. આ મહોત્સવમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ૧૯ રંગબેરંગી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી ૨૦૦૦થી વધુ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અંતે રજૂ થયેલા 'લાડલી' નાટકે પિતા-પુત્રીના નિ:સ્વાર્થ પ્રેમની સંવેદનશીલ રજૂઆત દ્વારા સૌની આંખો ભીંની કરી દીધી હતી. સમગ્ર કાર્યક્રમ ઈ.એમ.એસ.કે ટ્રસ્ટના પ્રમુખ કિશોરસિંહ કોસાડા, ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી, માનદ મંત્રી મોહનભાઈ શાહ, માનદ સહમંત્રી જશવંતસિંહ અણીતીયા તેમજ ટ્રસ્ટી અંદાજ શેખ, આચાર્ય, શિક્ષકગણ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓના સંયુક્ત પ્રયાસોથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### સોનગઢ કોલેજમાં 'માર્ગ સલામતી' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન

સોનગઢ: આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના NSS વિભાગ અને વ્યારા આર.ટી.ઓ. કચેરીના સંયુક્ત ઉપક્રમે "માર્ગ સલામતી મહિનો જાન્યુઆરી-૨૦૨૬" અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય ડૉ.રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તાએ "શિક્ષાથી સુરક્ષા; ટેક્નોલોજીથી પરિવર્તન" થિમ પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને ઓડિયો-વિડીયો માધ્યમથી રોડ સેફ્ટીનાં ચિહ્નો અને 4E (Education, Enforcement, Engineering, Emergency) વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ સહિત ૨૬૧ વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લઈ ટ્રાફિક નિયમોના પાલનની સમજ મેળવી હતી.

### સાવા ગામે ઘરઆંગણે બાંધેલી ૯૦ હજારની બે ભેંસ ચોરાઈ

હથોડા: વેલાછા પોલીસ હદ વિસ્તારના સાવા ગામે ખેડૂતના ઘરઆંગણે બાંધેલી રૂપિયા ૯૦ હજારની કિંમતની બે ભેંસ ચોરાયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. સાવા ગામે પશુપાલનનો વ્યવસાય કરતા અરવિંદભાઈ ભીખાભાઈ આહિરે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમણે પોતાની ભેંસ રોજની જેમ પોતાના ઘરના પાછળના ભાગે બાંધી હતી. જે કોઈ જાણીતા ચોર ચોરી ગયા હતા. કોસંબા પોલીસે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં પાર્ક કરેલી ટ્રકનાં ટાયર અને બેટરીની ચોરી થતાં ફરિયાદ

બારડોલી: બારડોલીના બાબેન ગામે અવધ લેકપેલેસમાં રહેતા મેહુલભાઈ મુકેશભાઇ ટાંક ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત 26મી ડિસેમ્બરના રોજ તેમની એક ટ્રક નં.(જીજે 19 વાય 9797) ધુલિયા ચોકડીથી બારડોલી સુરતી સર્કલ તરફ જવાના રસ્તા પર મીંઢોળા નદીના પુલ પાસે પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે આ ટ્રકનાં ત્રણ ટાયર અને બેટરી કિં.રૂ.57 હજારની ચોરી થઈ ગઈ હતી. ઘટના અંગે મેહુલભાઈએ બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજના નવી પારડી પાસેથી રૂ.2.52 લાખનો વિદેશી દારૂ પકડાયો

કામરેજ: નવી પારડી સુગર ફેક્ટરીની પાછળથી લીંડિયાત ગામ તરફ જતાં રોડ પર વિદેશી દારૂનો જથ્થો મંગાવી સગેવગે કરી રહ્યા હોવાની બાતમીના આધારે રેડ કામરેજ પોલીસે કરતાં મહિન્દ્રા પિકઅપ નં.(આરજે 12 જીએ 3788)ના ચાલક નાસી છૂટ્યો હતો. પોલીસને વિદેશી દારૂ તેમજ બિયરની કુલ 1110 બોટલ નંગ કિં. રૂ.2,52,840નો જથ્થો પકડાયો હતો. મહિન્દ્રા પિકઅપ તેમજ દારૂ મળી પોલીસે રૂ.4,52,840નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ચુનાવાડી ગામે આદિવાસીઓ દ્વારા પરંપરાગત માવલી ઉત્સવ ઉજવાયો



વ્યારા: ડોલવણ તાલુકામાં અંબિકા નદી કિનારે વસેલા ચુનાવાડી ગામે આદિવાસીઓ દ્વારા વર્ષો જૂની પરંપરાને ઉજાગર કરતાં માવલી ઉત્સવની ગત 3 જી તારીખે રાત્રિ દરમિયાન ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસીઓ દ્વારા ઉજવાતા આ પરંપરાગત ઉત્સવ દરમિયાન ચુનાવાડી ગામમાં રહણીયા ડુંગર પર આદિકાળથી બિરાજમાન દેવી-દેવતાઓનું પરંપરાગત માવલી પૂજન શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક યોજાયું હતું.

### વાલોડમાં ગ્રામ પંચાયતોને ઈ રિક્ષા ફાળવાઈ



વાલોડ: વાલોડ તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોને ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા તેમજ ટી. ડી. ઓ મિલીનભાઈ પાવરા અને તાલુકા પંચાયત પ્રમુખ વર્ષાબેનના હસ્તે ઈ-રિક્ષાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આથી અલગટ, અંબાચ, અંધાત્રી, બુહારી, બુટવાડા, દાદરીયા, દેગામા, ડુમખલ, ગોડધા, હથુકા, ઇનમા, ટોકરવા, જામણીયા, કલમકુઈ, _કમાલછોડ, કણજોડ, કોસંબીયા, નાલોઠા, પેલાડ બુહારી, શીકેર, વાલોડ, વેડછીના લોકોમાં આનંદ છવાયો છે.

### કીમ ચાર રસ્તા ખાતે પતંગની દોરીથી બચવા સેફ્ટી ગાર્ડનું વિતરણ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: મકરસંક્રાંતિના તહેવારને હવે નજીવા દિવસો હોય અને અને બાઈક ચાલકો પતંગની દોરીથી નિશાન નહીં બને એ માટે આજે સુરત જિલ્લા ટ્રાફિક પોલીસના લાલજીભાઈ ભોપાભાઈ, મુકેશભાઈ અને જીઆરડી દીપભાઈએ કીમ ચાર રસ્તા નેશનલ હાઇવે નં.48 ઓવરબ્રિજના સર્કલ નીચે થી પસાર થતાં બાઈક ચાલકોને સળિયા તેમજ સેફ્ટી ગાર્ડનું વિતરણ કર્યું હતું.

# બ્રેક ફેલ થતાં બસ બેફામ, 40 વિદ્યાર્થીનો આબાદ બચાવ

**મોટી** નરોલી નજીક ટેકરાવાળા હાઇવે પર બસ ચડી ન શકી, રિવર્સ જઈ ઝૂંપડામાં અટકી

**બનાવના** પગલે વિદ્યાર્થીઓએ ચિચિયારીઓ પાડતાં લોકો મદદે દોડી આવ્યા, ડ્રાઇવર બસ મૂકી ભાગી છૂટ્યો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: મોટી નરોલી નજીક કાચા રસ્તા પરથી હાઈવે પર ચડતી વખતે 40 વિદ્યાર્થીઓથી ભરેલી એસટી બસની બ્રેક ફેલ થઈ હતી. બસ અચાનક રિવર્સ થવા લાગતાં અને પલટી ખાય તેવી સ્થિતિ સર્જાતાં મુસાફરો અને વિદ્યાર્થીઓએ ભારે ચિચિયારીઓ પાડી હતી. આ અવાજ સાંભળી સ્થાનિક રહીશો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. અકસ્માત સર્જાતા જ બસનો ડ્રાઈવર વાહન છોડીને ભાગી છૂટ્યો હતો.

કીમ હાઈસ્કૂલની એસટી બસ 40 વિદ્યાર્થીને લઈને મોટા બોરસરા અને મોટી નરોલી થઈ નેશનલ હાઈવે 48 પર ચડી રહી હતી. આ સમયે બ્રેક ફેલ થતા બસ પૂરઝડપે રિવર્સ થઈ એક ઝૂંપડા સાથે અથડાઈને અટકી હતી.

બસ પલટી જવાની તૈયારીમાં હતી ત્યારે ગભરાયેલા વિદ્યાર્થીઓને સ્થાનિકોએ સલામત રીતે બહાર કાઢ્યા હતા. ડ્રાઈવરે દૂર જઈને સ્કૂલ મેનેજમેન્ટને જાણ કરતા પ્રમુખ સહિતના સભ્યો અને વાલીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વાલીઓએ બાળકોની સુરક્ષા મુદ્દે મેનેજમેન્ટનો ઉધડો લીધો હતો અને જવાબદાર ડ્રાઈવરને તાત્કાલિક નોકરીમાંથી છૂટો કરવાની માંગ કરી હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળતા સૌએ રાહતનો દમ લીધો હતો. પાલોદ ટ્રાફિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી, પરંતુ મોડી સાંજ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નહોતી.

#### ઝૂંપડામાં રહેતી મહિલાનો સમય સૂચકતાથી બચાવ

બસ પૂરઝડપે રિવર્સ થઈને ઝૂંપડા તરફ આવતી જોઈ ત્યાં રહેતી મહિલાએ તુરંત બહાર દોડી જઈ જીવ બચાવ્યો હતો. આ અકસ્માતમાં ઝૂંપડાને થયેલા નુકસાન બદલ બસ સંચાલકોએ સ્થળ પર જ 3,000 ચૂકવી સમાધાન કર્યું હતું.


કિરણ ઢોડિયા

# કીમ ઓવરબ્રિજ પર વાહન અડફેટે સેફ્ટી ગડર ક્ષતિગ્રસ્ત

**જોખમી** સ્થિતિ વચ્ચે મોટી દુર્ઘટનાની ભીતિ

કીમ: ઓલપાડના કીમ ગામે ઓવરબ્રિજ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા લગાડવામાં આવેલી 4.75 મીટરની લોખંડની સેફ્ટી ગડરને ગુરુવારની મોડી રાત્રે કોઈ અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ ગયો હતો, પરંતુ ટક્કરને કારણે સેફ્ટી ગડર અને સાઈન બોર્ડના પોલ જોખમી રીતે નમી પડ્યા છે. વેલ્ડિંગ તૂટી જવાથી સમગ્ર પોલ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી ભયજનક સ્થિતિ સર્જાઈ છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ મરામત કામગીરી હાથ ધરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ પણ ઓવરલોડ ટ્રકે પૂર્વ વિભાગની ગડરને ટક્કર મારી હતી, જે આજે પણ બ્રિજની સાઈડમાં બિનવારસી હાલતમાં પડી છે.

વારંવાર બનતી આવી ઘટનાઓ છતાં જવાબદાર વિભાગની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને મોટા અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.



# મૌલીપાડામાં પુલના અભાવે ખેડૂતો અને ગ્રામજનો હેરાન

**લોકો** ચેકડેમ પરથી જોખમી રીતે પસાર થવા મજબૂર , મામલતદારને લેખિત રજૂઆત

વ્યારા: ઉચ્છલ તાલુકામાં મૌલીપાડા ગામમાં પુલના અભાવે ગામના ખેડૂતો તેમજ ગ્રામજનોને અવરજવર માટે વર્ષોથી મુશ્કેલી વેઠવી પડી રહી છે. મૌલીપાડા ગામના ખેડૂતોની મોટા ભાગની ખેતીની જમીન ઉકાઇ જળાશયના ફુગારાની સામે છેડે હોવાથી ઉકાઇ ડેમના ફુગાવામાં ચોમાસા દરમિયાન અને ત્યારબાદ ત્રણ ચાર મહિના સુધી સતત પાણી રહેતું હોવાથી ખાસ કરીને ગામના ખેડૂતોને ખેતરે જવા આવવા માટે 4થી 5 કિમીનો લાંબો ચકરાવો લેવો પડે છે. જેને કારણે ખેડૂતોનો પોતાના ખેતર સુધી પહોંચવામાં ઘણો સમય વેડફાઈ જાય છે.

તેમજ ખેડૂતો ચેક ડેમ પરથી જોખમી રીતે પસાર થવા લાચાર બને છે ત્યારે ગ્રામજનો દ્વારા છેલ્લાં પંદરેક વર્ષથી અહીં કોઝવે કમ પુલ બનાવવાની માંગણી કરવામાં આવી રહી છે. તેમ છતાં આજદિન સુધી અહીં પુલ બનાવવા કોઈ તસ્દી લેવામાં ન આવતાં મૌલીપાડાના રહીશોમાં તંત્ર પ્રત્યે રોષ ફેલાયો છે. અને તાત્કાલિક ધોરણે ગામમાં ખેડૂતોને ઉકાઇ ડેમના ફુગારાની સામે પાર જવા માટે પુલ બનાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

# કુકરમુંડામાં રાયોટિંગના ગુનામાં 12 આરોપીની અટકાયત

**પોલીસ** કાર્યવાહીથી હાલ શાંતિપૂર્ણ માહોલ



કુકરમુંડા: કુકરમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે પક્ષો વચ્ચે થયેલો પથ્થરમારો અને મારામારીના બનાવમાં તાપી જિલ્લા પોલીસ દ્વારા ત્વરિત એક્શન લઈ જાહેર સુલેહ-શાંતિ અને કાયદો વ્યવસ્થા જાળવવામાં સફળતા મળી છે.

કુકરમુંડા ગામમાં અગાઉ થયેલી બોલાચાલીનું વેર રાખી તા.7/1/2026ના રોજ રાત્રે આશરે 9:30 કલાકે કુકરમુંડા ખાટીક ફળિયાની ખુલ્લી જગ્યામાં બે પક્ષોનાં ટોળાં વચ્ચે સામસામે પથ્થરમારો તથા મારામારી થઈ હતી. ઘટનાની જાણ થતા જ એલ.સી.બી., એસ.ઓ.જી. ટીમ ઉપરાંત સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ મામલે કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે બે અલગ-અલગ ફરિયાદોના આધારે સામસામે ગુના નોંધવામાં આવ્યા છે.

બંને પક્ષના અનેક નામદાર તેમજ અજાણ્યા ઈસમો વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આ ગુનામાં અત્યાર સુધી 12 આરોપીમાં અસ્ફાક કાસમ ખાટીક, અસલમ કાસમ ખાટીક, ફારૂક રમઝાન ખાટીક, તારીક રમઝાન ખાટીક, લિયાકત રમઝાન ખાટીક, તાહિર રહીમ ખાટીક, નાસિર યાસીન ખાટીક, ફૈઝાન ફારુખ ખાટીક, હર્ષદ રાજુભાઈ માછી, રાહુલ રાજુભાઈ માછી, પ્રશાંતભાઈ અનિલભાઈ ચૌધરી અને ધીરજભાઈ વાસુદેવ મરાઠેનો સમાવેશ થાય છે. વધુમાં કુકરમુંડા પોલીસે ગતરોજ બીજા સાત જેટલા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં આરોપીઓમાં વૈભવ જયેશભાઈ સોનાર, શુભમ જયેશભાઈ સોનાર (બંને રહે.,શિવાજી ચોક, કુકરમુંડા), સાર્થક જિતેન્દ્રભાઈ ચૌધરી, હર્શલ મછીન્દ્રભાઈ ચૌધરી (બંને રહે.,સંતાજી ચોક, કુકરમુંડા), તેજશભાઈ લલિતભાઈ પટેલ, અરુણભાઈ ભુરૂલાલ ખાટીક, વૈભવ અનિલભાઈ જયસ્વાલ તમામને પકડીને પાડવામાં આવ્યા છે.

### ભરૂચ રેલવે સ્ટેશનથી દારૂ લઈ જતી રિક્ષા ઝડપાઈ

ભરૂચ: ભરૂચ એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે ગોદી રોડ પર વોચ ગોઠવી એક રિક્ષા (GJ-16-Z-7243)ને રોકી તપાસ હાથ ધરી હતી. રિક્ષામાંથી વિદેશી દારૂ મળી આવતાં પોલીસે સહેજાદ શેખ અને રિક્ષાચાલક શરીફ મલેકની ધરપકડ કરી છે. પોલીસે દારૂ, મોબાઈલ અને રિક્ષા મળી કુલ ૧,૧૨,૬૯૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે, આ જથ્થો વેજલપુરના અજય વસાવાએ મંગાવ્યો હતો, જે રેલવે સ્ટેશન પર એક અજાણ્યા શખ્સે આપ્યો હતો. પોલીસે અજય વસાવા અને અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કરી કુલ ચાર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

# તાતીથૈયાની કંપનીઓમાં ખાતર પાડતી 'બડે-છોટે'ની જોડી ઝડપાઈ

**આરોપીઓ** પાસેથી કોપર વાયર, ગ્રાઇન્ડર મશીન અને સ્પેર પાર્ટ્સ સહિત રૂ.90,600નો મુદ્દામાલ કબજે કરાયો

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન બાતમી મળી હતી કે તાતીથૈયા ગામ ખાતે આવેલ તિરુપતિ માર્કેટિંગ ટ્રેડિંગ કંપની તથા વાસુદેવ ઈન્ડસ્ટ્રિઝ કંપનીમાંથી અલગ અલગ પ્રકારના કેબલ વાયરો, ગ્રાઈન્ડર મશીનો તથા મશીનના સ્પેર પાર્ટ્સની ચોરી કરી બે ઈસમ તેને વેચવા માટે કડોદરા ચાર રસ્તા તરફ આવી રહ્યા છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે રેડ કરી બંને ઈસમોને પકડી પાડ્યા હતા. આરોપીઓની ઓળખ નીતિશ ઉર્ફે છોટે શકલદેવસિંગ (ઉં.વ.20) અને રજનીશ ઉર્ફે બડે શકલદેવસિંગ (ઉં.વ.20) તરીકે થઈ છે, જેઓ હાલ પઠાન પાર્ક, પલસાણા ખાતે રહે છે અને મૂળ બિહારના વતની છે. પોલીસે તેઓના કબજામાંથી રૂ.12,000ની કિંમતના બે મોબાઈલ, રૂ.9,000ની કિંમતના ત્રણ ગ્રાઈન્ડર મશીન, રૂ.33,600ની કિંમતનો 56 કિલોગ્રામ કોપર વાયર, રૂ.9,000ની રોકડ રકમ તેમજ રૂ.27,000ની કિંમતના એ.એસ. રેડ્યુસર અને બેન્ડ મળી કુલ રૂ.90,600નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસતાં માલૂમ પડ્યું હતું કે આ બંને ઈસમો રીઢા ગુનેગાર છે અને અગાઉ પણ કડોદરા પોલીસ સ્ટેશનમાં મારામારી તથા ઘરફોડ ચોરી જેવા ગુનાઓમાં સંડોવાયેલા છે. હાલમાં કડોદરા પોલીસે આ બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધમોડી-જુનવાણમાં નિરાધાર પરિવારોને રાશન અપાયું

વાલોડ: ફૂડ બ્લોગિંગ, ફિટનેસ, પ્રવાસન અને પ્રોડક્ટ બ્રાન્ડિંગ જેવા વિષયોની સાથે-સાથે આ ઈન્ફ્લુએન્સર્સ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓને જિલ્લાના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. તાપીના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અંકિત ગામીત અને જેમિની ગામીતની વાત કરીએ તો, હાલ આ બંને યુવા પ્રતિભાઓએ કેમેરાની પાછળ રહીને સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત, કાનાદેવી અને કરંજવેલ ગામની એકલવાયું જીવન જીવતી ગંગાસ્વરૂપા બહેનોની વ્હારે આવી જરૂરિયાતમંદ પરિવારને તેલ, ચોખા, દાળ, ખાંડ, ચા અને મસાલા સહિતની 3 મહિના સુધી ચાલે તેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડી છે.

# સગીરાનું અપહરણ અને દુષ્કર્મ કરનાર નરાધમને ૨૦ વર્ષની કેદ

બારડોલી: બારડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના મુજબ ફરિયાદીની ૧૫ વર્ષની સગીર પુત્રીનું આરોપી ધવલ મિસ્ત્રીએ તા.૨/૧૧/૨૦૧૫ના રોજ અપહરણ કર્યું હતું. આરોપી ફરિયાદીનો વ્યાપારી મિત્ર હોવાથી પરિવારનો તેના પર અતૂટ વિશ્વાસ હતો. આ વિશ્વાસનો ગેરફાયદો ઉઠાવી, આરોપીએ સગીરાની માતા માટે ભેટ અને પૂજાનો સામાન લેવાના બહાને તેને ફોસલાવી સ્કોડા કાર (GJ-5-CG-4666)માં અપહરણ કરી ગયો હતો. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આરોપી સગીરાને નવસારી, પુણે, બેંગ્લુરુ અને કન્યાકુમારી જેવાં શહેરોમાં ફેરવી અંતે વેલ્યુરમાં ભાડાના મકાનમાં રાખતો હતો. આરોપીએ પરિવારને નુકસાન પહોંચાડવા અને તાંત્રિક વિધિઓનો ડર બતાવી સગીરાને માનસિક રીતે ડરના ઓથાર હેઠળ રાખી વારંવાર જાતીય શોષણ કર્યું હતું. આ કેસમાં સરકાર પક્ષે પી.પી. નિલેશભાઈ એચ. પટેલ અને મૂળ ફરિયાદીના વકીલ જોલી એસ.પારેખે રજૂઆતો કરી હતી. કોર્ટે ૨૧ મૌખિક સાક્ષી અને ૩૫ દસ્તાવેજી પુરાવાને ગ્રાહ્ય રાખ્યા હતા. સગીરાની ઉંમર ૧૬ વર્ષથી ઓછી હોવાથી 'સંમતિ'ની દલીલને કોર્ટે ફગાવી દીધી હતી. અંતે, ન્યાયતંત્રે આરોપીને દોષિત ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ, દંડ તથા ભોગ બનનારને રૂ. ૬ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 12:00pm, 01:30pm, 02:30pm, 03:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Jai Kanhaiyalall Ki-Gujarati
07:00pm, 09:30pm
Bichoro Bachelor-Gujarati
11:00am
Dhurandhar - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૦૪/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૯/૧/૨૦૨૬

વાદી: મધુબેન શંકરભાઈ રાઠોડ તે રમેશભાઈ ભાણાભાઈ રાઠોડની પુત્રી રહે. ૧૬૧-૧૫૮, ભૈરવ કોલોની, કામરેજ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી કામરેજ કામરેજ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી મધુબેન શંકરભાઈ રાઠોડ તે રમેશભાઈ ભાણાભાઈ રાઠોડની પુત્રી, રહે. ૧૬૧-૧૫૮, ભૈરવ કોલોની, કામરેજ, તા.કામરેજ, જી.સુરતના પિતા રમેશભાઈ ભાણાભાઈ રાઠોડનું મરણ તા.20/08/2007 ના રોજ કામરેજ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૨/૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૯/૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૦૨/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૯/૧/૨૦૨૬

વાદી: કેવિન હસમુખભાઈ પટેલ રહે. મુ.પો.ઘલા, બજાર ફળીયા, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી ઘલા ઘલા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી કેવિન હસમુખભાઈ પટેલ, રહે. મુ.પો.ઘલા, બજાર ફળીયા, તા.કામરેજ, જી.સુરતના દાદા નટવરભાઈ ઝીણાભાઈ પટેલનું મરણ તા.14/11/1979 ના રોજ ઘલા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૧૨/૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૯/૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ